## સ્ટેપ્સ(STEPS) એ શું છે?

- નોંધાયેલી દાનની સંસ્થા
- મોટર લર્નીંગ ડિસેબિલિટીઝ (જન્મથી અથવા જન્મ પછી તરત જ થતી માનસિક બિમારી જેને લીધે શીખવાની અસમર્થતા)અથવા વિલંબથી વિકાસ થાય એવાં બાળકો માટે એક નિષ્ણાત નોંધાયેલી નર્સરી(બાલમંદિર)
- ફાઉન્ડેશન લેવલ  માટે મૂખ્ય જગ્યા
- વાલીઓ અને પરિવારો માટે મદદનું ગ્રૂપ

સ્ટેપ્સ બાળકોને જન્મથી માંડીને સ્કૂલ જવાના સમયની ઉમર સુધી સતત મદદ પૂરી પાડે છે. મોટા ભાગના બાળકો જેઓ હાજરી આપે છે તેમને મધ્યમથી ગંભીર સ્થિતિનો મગજનો લકવો, ડાઉનસીન્ડ્રમ અથવા એવા જ પ્રકારની સ્થિતિ હોય છે જેને લીધે માનસિક એકતા મુશ્કેલ બને છે. બીજાં ગૌણ લક્ષણો જેવાં કે દ્રષ્ટિમાં ઘટાડો, વાર્તાલાપની સમસ્યાઓ અથવા શીખવાની મુશ્કેલીઓ વિગેરે પણ કદાચ હોય શકે.

વાલીઓને તેમના બાળકના શિક્ષણ બાબતમાં સૌથી આગળનું સ્થાન આપીએ છીએ. વાલીઓ અને બાળકો ભેગા મળી રમતો રમે છે અને શીખે છે અને જ્યાં સુધી અમને એમ લાગે કે બાળકો એકલાં રહેવા માટે તૈયાર છે ત્યાં સુધી વાલીઓ આખો દિવસ તેમની સાથે રહે છે. વાલીઓ જે શીખે તેને ઘરના વાતાવરણમાં કેવી રીતે બદલવું તે તેમને શીખવવામાં આવે છે.

આ એવી પણ જગ્યા છે જ્યાં આગળ વાલીઓને એક બીજા માટે મદદ મળી રહે છે. બાળકો ભેગાં મળી ગ્રૂપમાં કામ કરે છે આથી વાલીઓ એક બીજા સાથે વાતચીત કરે છે અને તેમની ચિંતાઓ અને સિધ્ધિઓ વહેંચે છે.

## અમે શું કરીએ છીએ?

બાલમંદિર બાળકના ફક્ત શારીરિક વિકાસ નહિં પરંતુ, વિકાસના બધા ભાગો શીખવવાની કાર્યપધ્ધતિનો શિક્ષણની પ્રથા તરીકે ઉપયોગ કરે છે.

દિવસની એસેમ્બલીથી(ભેગા મળવાનું)શરૂ થઇ જાતજાતના “કામના પ્રકારો” સુધી પ્રગતિ કરે છે. આ સમય દરમ્યાન બધાં કામોનો જુદી જુદી જગ્યાએ મહાવરો કરવામાં આવે છે. બપોર પછીના અંત સુધીમાં છેલ્લી પ્રવૃત્તિમાં રાંધણકળા અથવા ક્રાફ્ટ(હસ્તકૌશલ્ય)હોય છે.

બીજી કોઇ પણ નર્સરીની જેમ દરેક ટર્મ માટે એક વિષય પસંદ કરવામાં આવે છે અને સરકારના ‘અર્લી લર્નીંગ ગોલ્સ’નો (શરૂઆતના શીખવાના હેતુઓ)સમાવેશ કરવામાં આવે છે. હાલનો ઓફ્સ્ટેડ રિપોર્ટ જણાવે  છે કે ” ખાસ શિક્ષણની જરૂરિયાત વાળાં બાળકોને સ્ટેપ્સ એક અસાધારણ સેવા પૂરી પાડે છે”. ગ્રૂપના હેતુઓ અને ધ્યેયો

ઉપરાતં, બાળકોના તેમના પોતાના વ્યક્તિગત હેતુઓ હોય છે જે વાલીઓ અને ઘણી વખત સ્કૂલ શરૂ કરવા પહેલાના શિક્ષકો અને ફીઝીઓથેરેપીસ્ટ સાથે ભેગા મળી તૈયાર કરવામાં આવે છે. આ બધા રેકોર્ડ રાખવામાં આવે છે અને તેની ઉપર કાળજી પૂર્વક ધ્યાન રાખવામાં આવે છે અને મૂલ્યાંકન કરવામાં આવે છે.

જે ધંધાદારીઓ બાળકના વિકાસ અને પ્રગતિમાં રસ ધરાવે છે તેમની સાથે નિયમિત રીતે પૂનરાવલોકનની મીટીંગ યોજવામાં આવે છે. અમારો હેતુ બાળકને કાર્યકુશળતા અને સમસ્યાનો ઉકેલ કરવાની કાર્યપધ્ધતિ માટે સારામાં સારી શરૂઆત આપવાનો છે જેથી તેઓ સ્કૂલમાં અને તેમના સમાજની અંદર સમોવડિયાં સાથે શક્ય હોય તે પ્રમાણે સંપૂર્ણ રીતે ભળી શકે.

બાલમંદિરની મુલાકાત લેનારાઓ હમેશાં આનંદભર્યું અને પ્રવૃત્તિમય વાતાવરણ ઉપર અભિપ્રાય આપે છે.

## સતત મળતી મદદ

એક વખત બાળક પાંચ વર્ષનું થાય એટલે તેઓ કાયદા મુજબ સ્કૂલમાં જવા માટે લાયક બને છે. અમુક બાળકો પ્રણાલિકા મુજબની અને અમુક ખાસ સ્કૂલમાં જાય છે  - જે કોઇ સ્કૂલ વ્યક્તિગત બાળક માટે સૌથી સારી રીતે યોગ્ય હોય.

બાળકોને દર અઠવાડિયે વ્યાયામ માટે ક્લમાં અને વાર્ષિક ઉનાળા દરમ્યાનની સ્કૂલના રૂપમાં સતત ચાલુ મદદ પૂરી પાડવામાં આવે છે. જો નાણાનું ભંડોળ પૂરતું હોય તો ઉનાળા દરમ્યાન સાત વર્ષની ઉપરના અને તેમના પરિવારને અસમર્થ માણસો માટે કોર્નવોલમાં બહારના ભાગે શોધખોળનું જે સેન્ટર છે ત્યાં એક અઠવાડિયું રહેવા માટે લઇ જઇ શકીએ છીએ. આ બાબત પરિવારના બધા સભ્યોને સ્વાભિમાન અને આત્મવિશ્વાસ માટે ખૂબ પ્રોત્સાહન આપે છે.

આખા વરસ દરમ્યાન અમે ચાર થી પાંચ વખત 'જુના'અને હાલના પરિવારો માટે ફેમિલિ ફન ડેનું આયોજન કરીએ છીએ.

## અમારી વ્યવસ્થા કેવી રીતે કરવામાં આવે છે.

આ કામ માટે છ કાયદેસરના ટ્રસ્ટીઓ હોય છે જેઓ અને દાનની સંસ્થાની આર્થિક સાધ્યતા અને વહીવટ માટે જવાબદાર છે.

આ બધી વ્યવસ્થાની કાર્યવાહી ખંતથી રસ લઇ કામ કરનાર કમીટી અને સાત સભ્યો કરે છે અને એમાંનાં પાચ સભ્યો વાલીઓ હોય છે. દરરોજનો વહીવટ સ્વયંસેવક પ્રોજેક્ટ મેનેજર અન સ્વયંસેવક ટ્રેઝરર કરે છે. બાલમંદિરની અંદરના બધા વહીવટની જવાબદારી હંગરીમાં તાલીમ પામેલા કંડક્ટરના હાથ નીચેના  કર્મચારીની છે.

આર્થિક મદદ જુદી જુદી જગ્યાએથી મળે છે જેમાં સી.એ.એમ.એચ.એસ.(CAMHS), અમુક બાલમંદિરમાંથી ભંડોળ,  બી બી સી. ની ચીલ્ડ્રન ઇન નીડ અપીલ, રોઝમરી કોનલે ડાયેટ એન્ડ ફીટનેસ ક્લબ અને ઘણી બધી

ચેરિટેબલ ટ્રસ્ટ અને સામાજીક ગ્રૂપો અને ધંધાઓનો સમાવેશ થાય છે. વધારાની રકમ પ્રેરણાથી યોજાયેલા નાણું ભેગા કરવાના પ્રસંગો જેની વ્યવસ્થા વાલીઓ તેમના પરિવારો અને મિત્રો મારફત કરવામાં આવે છે.

હાલમાં અમારી સૌથી મોટામાં મોટી જરૂરિયાત એ કે અમારી પોતાની માલિકીનું મકાન હોવું જોઇએ જેથી અમને રહેવા માટે સલામતી મળે અને અમારા ભવિષ્યના પ્લાનની અસરકારક યોજના કરવા અને અમે જે સેવાઓ પૂરી પાડીએ છીએ  તેનો વિકાસ કરવા અમે શક્તિમાન થઇ શકીએ. જે મકાન અમે ભાડે લીધું છે તેને ખરીદવા માટે હાલમાં અમે સોદો કરીએ છીએ.

## વાલીઓ શું કહે છે

“આ બેઠકોમાં હાજરી આપવાથી મારા પુત્રમાં ઘણોજ સુધારો થયો છે અને તેના સ્વાભિમાનમાં વધારો જોતાં ખૂબ જ આનંદ થાય છે.”

“દરેક બાળક બને તેટલું સ્વતંત્ર થાય તેની ખાતરી કરવા ઉપર ભાર મુકવામાં આવે છે અને આને પરિણામે ગયા વરસે જે પ્રગતિ થઇ છે તે નિહાળવું એ મારા પતિ અને મારે માટે ઘણા જ આનંદની વાત છે.”

“જ્યારથી મારી છોકરીએ નર્સરીમાં જવાનું શરૂ કર્યું છે ત્યારથી તેના જીવનની ગુણવત્તામાં જે સુધારો થયો છે તે મારાં ધારવા કરતાં વધારે છે. બે વર્ષની ઉંમરે તે નારાજ રહેતી હતી, ચાલવા માટે અથવા તદ્દન સાદાં કામો માટે બન્ને હાથનો ઉપયોગ કે જે એની ઉમરના બાળકો કરી શકે એમ માની લેવામાં આવે છે તે ન કરી શકવાથી તેઓ હતાશ થઇ ગયાં હતાં. તેમની નારાજગી તેમણે સ્પષ્ટતાથી મૌખિક રીતે જાહેર કરી છે અને એની ધીમે ધીમે અસર પરિવાર ઉપર પડી છે - ખાસ કરીને મા ઉપર! સપ્ટેમ્બરથી તેઓ પ્રણાલિકા મુજબની સ્કૂલમાં જવાનું શરૂ કરશે. હવે તે એક આનંદી, વિશ્વાસુ અને હોશિયાર છોકરી છે જે સમજે છે અમુક બાબતો તેને બીજાં બાળકો કરતાં વધારે મુશ્કેલ લાગે છે. તમારા પ્રયત્નો દ્વારા નિષ્ફળતાના ભયને દૂર કરી તેમને તેના શારિરીક વિકાસ માટે એક રચનાત્મક માર્ગ મળ્યો છે.”

## અમારા આશ્રયદાતા રોઝમરી કોનલે તરફથી સંદેશો

“ સ્ટેપ્સને હું ચાર્નવુડ સ્કૂલ ફોર પેરન્ટ્સ તરીકેના પ્રારંભથી જાણું છું  એનાથી બાળકો અને તેમના પરિવારોને જે વિશાળ ફાયદાઓ થાય છે તે મેં મારી જાતે જોયા છે. જે કાર્ય તેઓ કરે છે તેનાથી જીવન પલટો થાય છે ! મને એનું નવું નામ સ્ટેપ્સ ખૂબ ગમે છે - કામકાજ અંગે જે વિચારશ્રેણી છે તેનો એનાથી ખ્યાલ આવી જાય છે. હું તમને સેન્ટરની મૂલાકાત લેવા માટે આમંત્રણ આપું છું કે જેથી તમે તમારી જાતે જોઇ શકો કે માર્ગદર્શનવાળું શિક્ષણ કેવી રીતે તમારા પરિવાર માટે કામ કરી શકે છે.”